







ઝાતિ-સમાજ છે પાયામાં, પક્ષ જેવું રહ્યું નથી,
પૈસા પર મળે ટિકીટ, પક્ષ જેવું રહ્યું નથી,
ચાલે છે સરમુખત્યારી પક્ષ જેવું રહ્યું નથી,
પંપાળે પૂંછપટપટાઉ પક્ષ જેવું રહ્યું નથી..

બોલી ન શકે!
સભ્યોની જીભે તાળાં -
બે શબ્દ પણ!!
(સત્તાની થ્રી-ડી ધાક)

હું નટ-ખટ,
નેતા ને અભિનેતા,
શ્રોતા ને વક્તા..
(અભિનય સમ્રાટ)




## ચિંતન

**કાન્તા કટાક્ષવિશિખા ન લુનન્તિ યસ્ય ચિત્તં ન નિર્દહતિ કોપકૃશાનુતાપઃ ।**
**કર્ષન્તિ ભૂરિવિષયાંશ્ચ ન લોભપાશા લોકત્રયં જયતિ કૃત્સ્નમિદં સ ધીરઃ ॥**

'નારી જનોના કટાક્ષ રૂપી બાણો જેના ચિત્તને વેધી શકતાં નથી. (જેમને સ્ત્રીઓની તિરછી નજરની અસર થતી નથી) કોપ રૂપી અગ્નિનો તાપ જેના ચિત્તને બાળતો નથી; લોભ રૂપી બંધનો જેને ઘણા વિષયો તરફ ખેંચી જતાં નથી; એવા ધીર પુરૂષ છે અને તે ત્રણે ય લોકને જીતી જાય છે.'

માણસનું મન મક્કમ અને શુધ્ધ હોય તો ગમે તેવી લપસણી ભૂમિ પર પણ તે ચલિત થતો નથી - મોહ - માયા - વાસનાથી તેનું પતન થતું નથી - આવી વ્યક્તિ ધીરજવાન હોય છે.

નાની નાની વાતે ઉશ્કેરાટ કરી પોતાનું અને આસપાસનાં, પરિવારના લોકોનું અને ઘરનું વાતાવરણ ક્ષુબ્ધ કરી નાખે છે. ક્રોધી લોકોનું મન અશાંત રહે છે જેને પોતાના મન-વિચાર-વાણી પર સંયમ હોય તે સદાય શાંત 'મગજ' ધરાવતાં હોય છે એવા ધીરજવાન કદી ઉશ્કેરાટમાં ક્ષુબ્ધ થતા નથી.

જે માણસ અસંતુષ્ટ છે એને કોઇ જ બાબતમાં સંતોષની સીમા સ્પર્શતી નથી હું એકલો જ બધું ભોગવું, ખાવા-પીવામાં, સમૃધ્ધિ એકત્ર કરવામાં કે કોઇ પણ ભોગ-ઉપયોગમાં કદાપિ એને સંતોષ થતો નથી. જે 'સંતુષ્ઠ' હોય અને કદાપિ કોઇ પણ લોભ-મોહ-માયા અને વાસનાના બંધન બાંધી શકતા નથી.

ધીર પુરૂષ જીતેન્દ્રીય - ત્રણે લોકને જીતી લે છે.

## સુવિચાર

- અનુભવમાંથી પ્રકટ થયેલી નમ્રતા જ્ઞાનનો અંશ છે **- લોકમાન્ય ટિલક**
- કામ ગમે તેટલું કપરૂં હોય પણ મન દઇને કરવાથી તે તદ્દન સરળ થઇ જાય છે **- થોમસ ફૂલર**
- અન્યના અવગુણ જોવા જેટલી સરળ વાત બીજી કોઇ જ નથી **- રોબર્ટ**
- નિંદા કરવામાં કોઇ પણ પ્રકારનું સમર્પણ, ત્યાગ કે બુધ્ધિની જરૂર પડતી નથી **- ગિબન**
- આંધળો ઉત્સાહ, નૂકશાન પહોંચાડે છે **- મેગ્નલ ગોટફીડ**
- જેનો પતિ સદાય સંતુષ્ટ અને પ્રસન્ન રહેતો હોય એ પત્ની સુખી છે **- ઇબ્નેનૂર**
- શત્રુ કરતાં ય મિત્રને માફ કરવાનું કઠિન છે **- ડોરોથી**

## બોધ કથા

આજકાલ બધાં ક્ષેત્રોમાં વાડાબંધી જૂથ થઇ ગયાં છે. સાધુ-સંતો-મંદિરો-પંથો પણ કોંગીવાળા અને ભાજપવાળા - ની છાપ લાગી ગઇ છે. વકીલો-ડોકટરો-ઇજનેરો-બિલ્ડરો બધા 'પક્ષ' પ્રમાણે ગોઠવાઇ ગયા છે. સરકાર બદલે એટલે એમના 'મોભા'માં પણ ફેરફાર થાય! 'એવોર્ડ' પણ પક્ષ પ્રમાણે મળતાં રહે છે. સાહિત્યકારો - પરિષદો - પણ 'રાજકારણ'ની છાપથી અલિપ્ત નથી.

પ્રાચીન સાહિત્યકારો કવિ દલપતરામ અને 'કવિ વીર નર્મદ' વચ્ચે 'સુધારાવાદી' થવાની સ્પર્ધા હતી. પણ ઇર્ષા કે પક્ષીય ભેદ ન હતા. બંનેને એકમેક પ્રત્યે માન સદ્ભાવ તો હતાં જ બંને એકમેકની ટીકા-નિંદા પણ કરતા.

કવિ નર્મદે તો પોતાના 'ડાંડિયો'માં દલપતરામનું કાર્ટૂન પણ છાપ્યું હતું અને પોતે તથા દલપતરામને 'કુસ્તી' કરતાં ચિતર્યા હતા!

આમ છતાં એમના વ્યવહારમાં કદી પણ કટુતા આવી ન હતી. ૧૮૭૩ના અરસામાં સૂરતમાં નર્મદે પોતાના મકાનનું 'વાસ્તુ' રાખ્યું. એમાં ખાસ અમદાવાદથી કવિ દલપતરામ હાજર રહ્યાં. એટલું જ નહીં શુભેચ્છાના પ્રતીક રૂપ એક 'કાવ્ય' એ પ્રસંગે લખી નર્મદને આશીર્વાદ સ્વરૂપ આપ્યું પણ હતું.

..એ જ રીતે દલપતરામના પુત્રના લગ્નમાં નર્મદ જાનૈયાઓમાં મોખરે રહીને ચાલ્યા અને દલપતરામે એમના વેવાઇની પહેરામણી સ્વરૂપ 'નર્મદ'ને પાઘડી બંધાવી હતી. આ ખેલદીલી અને ભાઇચારો એમના વચ્ચે હતો.

# સમાજલક્ષી સાહિત્ય સેવાની ઝળહળતી સિધ્ધિનાં સોપાનો સર કરતી વિચારધારાનો કાર્ય કલાપ

ગુર્જર અસ્મિતાને ઉજાગર કરતી સંસ્કૃતિ, કલા, સમાજ જીવન અને સાહિત્ય ક્ષેત્રે નવ પરિમાણો સિધ્ધ કરવા કટીબધ્ધ વૈચારિક વિશાળતા સાથે લોકહૃદયમાં પ્રતિષ્ઠિત, વિદ્વતજનોએ જેની નોંધ લેવી પડે તેવી સાહિત્ય વિભૂતિઓ જે વાડાબંધીનો ભોગ બની હોય તેમને પ્રતિષ્ઠિત સન્માન દ્વારા સાહિત્ય જગતમાં સ્થાપ અપાવનાર અને નવ કલમોને પ્રોત્સાહિત કરી સાહિત્ય પ્રવૃત્તિને પાંગરવા પ્રેરણાના પિયુષ પાનાર એક આગવી અગ્રણી સાહિત્ય સંસ્થા એટલે ગુજરાત સાહિત્ય સંગમ.

ગુજરાત સાહિત્ય સંગમે પોતાના સ્થાપના કાળથી ભારતનાં મહાન ક્રાંતિકારી ગુર્જર સાહિત્ય સ્વામી ઝવેરચંદ મેઘાણીના પુનઃ પ્રતિષ્ઠાપનની મહત્ત્વની કામગીરી માટે ભગીરથ પ્રયાસો શરૂ કરી દીધા હતા. અનેક સાહિત્ય પ્રવૃત્તિઓમાં 'મેઘાણી સ્મૃતિરક્ષા ઝુંબેશ' એ સંગમની સદાય વિશિષ્ટ પ્રવૃત્તિ રહી છે. ફૂલ સ્વરૂપ જનતાના હૃદયમાં બિરાજેલા જનતખ્ત પર જિંદાબાદ સેવા એને જેનું સૌથી ઊંચેરૂં આસન જન હૃદયમાં મંડાયું છે. તેવા જનતાના મહાન ક્રાંતિકારી સાહિત્યકાર મેઘાણી ગુજરાત સાહિત્ય સંગમના સતત પ્રયાસોથી ગુજરાતભરમાં ઠેર ઠેર 'મેઘાણી જયંતિઓ' ઉજવાતી શરૂ થઇ ગઇ. ઠેર ઠેર મેઘાણી સ્મૃતિ ભવનો, અસ્તિત્વમાં આવ્યા. ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા મેઘાણીની પંચોત્તેરની જયંતિ 'મેઘાણી મણિ મહોત્સવ' માત્ર ગુજરાતભરમાં ગામડે ગામડે નહીં પરંતુ રાજસ્થાન ભરમાં ને સમગ્ર ભારતમાં 'બૃહત ગુજરાત'માં દિલ્હી, મુંબઇ, મદ્રાસ, સિકંદરાબાદ જેવા સુદુર્ગવતી સ્થાનોમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો. સંગમે મેઘાણીની સ્મૃતિમાં 'મેઘાણી એવોર્ડ' સ્થાપિત કર્યો. તથા રાજસ્થાન સાહિત્ય અકાદમી દ્વારા 'અખિલ ભારતીય મેઘાણી પુરસ્કાર' સ્થાપિત કરાવ્યો.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**



ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા ૧૯૫૪માં મેઘાણી સ્મારક ઝુંબેશનો પ્રારંભ થયો. જેમાં મેઘાણી જયંતિની ઉજવણીની સાથે સાથે બગસરામાં 'મેઘાણી પુસ્તકાલય' રચાયું. તો વળી ઉપલેટામાં 'મેઘાણી પ્રતિમા' સ્થાપિત થઇ. મેઘાણી વ્યાખ્યાન માળા ગ્રંથસ્થ સ્વરૂપે પ્રગટવા લાગી. બગસરામાં 'મેઘાણી બાગ' રચાયો. બગસરામાં 'મેઘાણી પ્રતિમા' પણ સ્થાપિત થઇ. મેઘાણી સ્મૃતિગ્રંથ પ્રગટ્યો. 'આકાશવાણી' એ મેઘાણી જયંતિ ઉજવણી શરૂ કરી. જેથી મેઘાણીનાં ગીતો રેડિયો પરથી લહેરાતાં શરૂ થયાં. મહુવામાં 'મેઘાણી હોલ' રચાયો. રાજકોટમાં 'મેઘાણી રંગભવન' રચાયું. 'મેઘાણી તૈલચિત્ર' રાજકોટમાં ખુલ્લું મુકાયું. વિવિધ સ્થળોએ મેઘાણી માર્ગ અસ્તિત્વમાં આવ્યો. સુરેન્દ્રનગરમાં 'મેઘાણી પ્રતિભા' સ્થાપિત થઇ. વડોદરામાં 'મેઘાણી પ્રતિભા' સ્થપાઇ.

અમદાવાદમાં મેઘાણી પરૂં 'મેઘાણીનગર' રચાયું. સાહિત્યશ્રી નિધિ નરેન્દ્ર દવે આયોજિત અને લિખિત તથા માહિતી ખાતા દ્વારા પ્રયોજિત ફિલ્મ તથા ટેલિવિઝન ડોક્યુમેન્ટ્રી 'રાષ્ટ્રીય શાયર મેઘાણી' પ્રદર્શિત થઈ. એ બાદ મેઘાણી જન્મશતાબ્દીનો રૂડો પ્રસંગ આવ્યો. અને ગામડે ગામડે મેઘાણી ફરી 'જીવતા' થઇ ગયા. તે અર્ધશતકની ગુજરાત સાહિત્ય સંગમની સંઘન સતત અવિરત મેઘાણી સ્મારક ઝુંબેશનું શુભ પરિણામ છે. તે સમયે ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા રાજ્યના દરેક જિલ્લામાં મેઘાણી જન્મશતાબ્દી સમિતીઓની રચના કરવામાં આવી હતી. જેમાં પત્રકારો, સાહિત્યકારો અને સમાજસેવીઓ દ્વારા અખબારોમાં મેઘાણી વિષયક લેખો, તસ્વીરો પ્રગટ કરવામાં આવી હતી. મેઘાણી વિષેનાં પુસ્તકો, વ્યાખ્યાનો પણ યોજવામાં આવ્યાં હતા. મેઘાણી ગીતોના અનેક કાર્યક્રમો દ્વારા મેઘાણીના રાષ્ટ્ર પ્રેમ અને લોક સાહિત્યને બહોળી પ્રસિધ્ધિ આપવાનું અને લોક હૃદયમાં વસેલા મેઘાણીની સ્મૃતિને ફરી એકવાર ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા લોકહૃદયમાં પ્રસ્થાપિત કરવાનું કાર્ય ગુજરાતી સાહિત્ય સંગમે કર્યું હતું. તેમજ મેઘાણી સાહિત્યના પ્રચાર પ્રસાર માટે પ્રયત્ન કરનાર પત્રકારો અને લેખકોનું ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સાહિત્ય સંગમનો આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ સમારોહ કચ્છના અંજાર શહેરમાં યોજાયો હતો. ત્યારે ત્રિ-દિવસીય આ સમારોહમાં પ્રમુખ પદે રાજસ્થાન સાહિત્ય અકાદમીનાં મહાસચિવ ડો. આર. એલ. નંદવાનાજી અને અતિથિ વિશેષ પદે ગુજરાત દૈનિક સંઘના પ્રમુખ યશવંત શાહ (જયહિન્દ) ઉપસ્થિત રહ્યા હતા. બેંડ વાજાં સાથે સાહિત્યકારો અને મહાનુભઆવોનું સામૈયું કરવામાં આવ્યું હતું અને આખા નગરમાં ઉત્સવ અને ઉમંગનો માહોલ છવાઇ ગયો હતો. અંજારના ટાઉનહોલમાં હકડેઠઠ ભાવકોની ઉપસ્થિતિમાં વિવિધભાષી કવિઓનો મુશાયરો યોજાયો હતો. જેમાં ઉર્દૂ, હિન્દી, સિંધી, કચ્છી, મરાઠી, પંજાબી, રાજસ્થાની, અને ગુજરાતીના લબ્ધ પ્રતિષ્ઠિત કવિઓએ તેમની ઉત્કૃષ્ટ રચનાઓ રજૂ કરી સૌને ભાવ વિભોર કરી દીધા હતા. તે ઉપરાંત સતત ત્રણ દિવસ લોક સાહિત્ય, ઇતિહાસ, કલા અને સાહિત્યના વિવિધ સ્વરૂપો અંગેના પરિસંવાદો યોજાતા હતા.

ગુજરાત સાહિત્ય સંગમના આ મહા સમારોહમાં આંતર ભારતીય બંધુત્વને વરેલા પત્રકારો, સાહિત્યકારો અને સમાજસેવીઓને તત્કાલીન ગ્રામ વિકાસ અને કાયદા મંત્રી નવીનભાઇ શાસ્ત્રીના હસ્તે ગૌરવપૂર્ણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જનસત્તાનાં તંત્રી તેમજ સાહિત્યકાર દિગંત ઓઝા, જન્મભૂમિ ગ્રુપના મુખ્ય વહીવટકર્તા તથા માજી શ્રમ મંત્રી મનસુખભાઇ જોષી, ગુજરાત સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ અધ્યક્ષ ભૂપત વડોદરિયા, કચ્છ મિત્રના તંત્રી કીર્તિભાઇ ખત્રી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સાહિત્યકારો અશોક હર્ષ, પ્રો. ડો. ગોવર્ધન શર્મા, પત્રકાર પ્રતાપરાય ત્રિવેદી, લેખક ધીરેન્દ્ર મહેતા, સંસ્કૃતના લેખક પ્રા. જિતેન્દ્ર ભાનુશાળી, કચ્છી સિંધી સાહિત્યકાર હરિદરિયાણી 'દિલગીર', પ્રો. તખ્તસિંહ પરમાર, પ્રો.ડો. અમૃત રાણીંગા, મીઠાભાઇ પરસાણા, રોશન કાશ્મીરી, નરભેરામ સદાવ્રતી, અવન્તિ કુમાર દવે, મુકુન્દ જોશી, હેમા મહેતા, નટવર ગોહેલ, હિમ્મતલાલ પુ. દવે. હિન્દી સાહિત્યકારો રામચેત વર્મા, ડો. કિશોર કાલરાજી, ઉર્દૂના પ્રો. ડો. એ.એમ. અન્સારી 'શોલા' મરાઠી સાહિત્યકાર બાપુસાહેબ નાવલેકર ઉપરાંત પ્રિતકાન્ત પરીખ, કૃષ્ણ દવે, નટવર હેડાઉ, અમૃત જોશી, જેવા નીવડેલા અને નવોદિત કવિઓ, લેખકો સાહિત્યાકારો, કચ્છ, સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાંથી ઉમટી પડ્યા હતા. તે પછી ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા આંતર ભારતીય સાહિત્ય બંધુત્વના અનેક કાર્યક્રમો, અમદાવાદ, નડિયાદ, કપડવંજ, રાજકોટ, સૂરત, વડોદરા ખાતે યોજવામાં આવ્યા હતા. જેમાં વિવિધભાષી કવિ સંમેલનો મુશાયરા અને નવોદિત તેમજ પ્રતિષ્ઠિત લેખકોનાં પુસ્તકોના લોકાર્પણ અને એવોર્ડ એનાયત કરવાના કાર્યક્રમો ખુબ જ હર્ષોલ્લાસ પૂર્વક સંપન્ન થયા હતા.


ગુજરાત સાહિત્ય સંગમના મહત્ત્વપૂર્ણ કાર્યોમાં પુસ્તક પ્રકાશનનું કામ પણ ખૂબ જ મહત્વ ધરાવે છે. તેમાં નવોદિત કલમોને પ્રોત્સાહક પૂરૂં પાડવા માટે ગુજરાત વિવિધ ભાષી સાહિત્ય અકાદમી ગુજરાત સાહિત્ય સંગમ નવોન્મેશ પ્રાગટ્ય પ્રકાશન અંતર્ગત બે હજારથી વધુ પુસ્તકોના પ્રકાશનમાં અને સંગમે આયોજન કરી આપેલ છે.

એ રીતે ગુજરાત સાહિત્ય સંગમ ગુજરાતની એક અગ્રણી, આગવી, વિશિષ્ટ ધ્યેયો અને કાર્યોને વરેલી ચોક્કસ વિચારધારાને સમર્થન કરતી તેમ છતાં કોઇ પણની સ્પર્ધાથી પર એવી સાહિત્ય સંસ્થા છે. જેના દ્વારા અપાતા એવોર્ડ કે સન્માન પ્રાપ્ત કરનારને ગૌરવની લાગણી થાય છે.

ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા ગાંધીનગર ખાતે કૃષ્ણકાન્ત જહા, મહેન્દ્ર ત્રિવેદી, ડો. દલપત પઢિયાર, હાસ્યકાર રતિલાલ બોરીસાગર, ડો. કેશુભાઇ દેસાઇ, ડો. સોમભાઇ સી. પટેલ, ડો. પ્રદિપ આઝાદ, દોલત ભટ્ટ જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં જાણીતા હાસ્યવિદ ચિત્રસેન શાહને 'જ્યોતિન્દ્ર દવે' એવોર્ડ પ્રાપ્ત થાય છે તે પ્રસંગે તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું.


**- ડો. અતુલ પાઠકજી**
**મંત્રી, ગુજરાત સાહિત્ય સંગમ, (સૂરત)**

# જેઠમલાણી : એક સમયની અસ્કામત આજે ભાજપ માટે આફત



## સમયસર

**- ડૉ. કેશુભાઈ દેસાઈ**



એક જ માણસ કોઈ મોટા રાજકીય પક્ષ માટે કયારેક અસ્કામત હોય અને કયારેક આફત. બોલો, એક નાટકનું એક રાજકારણીનું નામ જાણો છો? મધુ રાયના એક નાટકનું શીર્ષક હતું : 'કોઈ એક ફૂલનું નામ બોલો!' અહીં ફૂલની જગ્યાએ 'નેતા' શબ્દ મૂકીને એ જ પ્રશ્ન રિપીટ કરીએ તો ત્વરિત ચડે એવું નામ છે : ભાજપના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ રામ જેઠમલાણી. દેશ આખો એમને વરિષ્ઠ ધારાશાસ્ત્રી તરીકે ઓળખે છે. પરંતુ ભારતીય જનતા પાર્ટી માટે તો એ મસમોટી 'એસેટ હતા.' ઇન્દિરા ગાંધીના અને રાજીવ ગાંધીના હત્યારાઓની વકીલાત કરવા માટે સામે ચાલીને આગળ આવે, ગુજરાતનાં રમખાણોમાં મોટા માથાંની સંડોવણી સામે કાયદાપોથી લઈ હાજર થઈ જાય, સોહરાબુદ્દીન અને કૌસરબીના કેસમાં એક તરફ ખુદે સરકાર જ અદાલત સામે ખોટા એન્કાઉન્ટરની કબૂલાત કરે અને તુલસી પ્રજાપતિના 'ખૂન' (ફેંક એન્કાઉન્ટર)નો બચાવ કરવાની નોબત આવે ત્યારે ભાજપના નેતાઓની વકીલાત કરવા દિલ્હીથી તાબડતોબ દોડી આવે...

અમીત શાહ ચૂંટણી તાકડે ગુજરાતમાં હરીફરી શકે, ચૂંટણીનું આયોજન કરી શકે, ચૂંટણી લડી શકે તે એમની અંગત મેરીટ કે રાજકીય કુનેહને કારણે નહીં, પણ જેઠમલાણીની મેધાવી દલીલો અને કાનૂન વિશેના એમના જ્ઞાનને કારણે શક્ય બની શક્યું છે.

આવા 'સંકટ મોચન' ધારાશાસ્ત્રીએ એમનાં નિરંકુશ વિધાનોને મુદ્દે પક્ષને ભારે મુસીબતમાં મુકી દીધો હતો. એમણે પક્ષના વરિષ્ટ નેતા તરીકે મોદીને ભાવિ વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવાની જાહેર વકીલાત કરીને તો મોવડીમંડળને મૂંઝવણમાં મુકી જ દીધું હતું, એટલું ઓછું હોય તેમ આ વૃધ્ધ ધારાશાસ્ત્રીએ ગડકરીની વિરૂધ્ધ જેહાદ છેડી દીધી છે. રામ વિશે વિવાદાસ્પદ નિવેદન કરીને જેઠમલાણીએ પક્ષને ક્ષોભજનક સ્થિતિમાં ધકેલી જ દીધો હતો, ત્યાં એકાએક સીબીઆઈના નવા વડાની નિમણૂકનું સમર્થન કરી પક્ષના તથાકથિત મોવડીમંડળને ભારે આંચકો આપ્યો છે. અગાઉ વાત વાતમાં કરેલા અને મીડિયાએ બહુ ચગાવેલા રામ વિશેના નિવેદન મુદ્દે તેઓ અડગ રહ્યા એ એમની ઉચ્ચ બૌધ્ધિકતાનું પ્રમાણ છે.

ભાજપ રૂઢિચુસ્ત મધ્યમવર્ગીય બહુમતીનું પ્રતિનિધિત્વ કરતો રાજકીય પક્ષ છે. રામના નામ પર તો એનું ગાડું ગબડતું ગબડતું છેક સત્તાના સિંહાસને પહોંચ્યું હતું. રામને ગાળ આપનાર એમના જ પક્ષનો સિનિયર આગેવાન ગણાય, તે એમનો શેં પોસાય ? પરંતુ રામ જેટલા જ એને માટે રામ જેઠમલાણી પણ અગત્યના માણસ છે. ફી લીધા વગર ભાજપને કાયદાકીય સલાહ સૂચન આપવા માટે બીજું કોણ નવરૂં હતું. અરૂણ જેટલી સારા વકીલ ગણાય છે, પણ જેઠમલાણી તો ભારતના વર્તમાન ધારાશાસ્ત્રીઓમાં ભીષ્મ પિતામહ જેવા વરિષ્ઠ અને આદરણીય ગણાય. ન્યાયધીશો પણ એમની વિરૂધ્ધ ચુકાદો આપતા સત્તર વાર વિચાર કરે. અટલ બિહારી વાજપેયીની સરકારમાં તેઓ કાનૂનમંત્રી અને શહેરી વિકાસ મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. પોતાના મુદ્દા પર 'અડી' જવાની એમની આદત ઘણી જાણીતી છે. એ માટે ગમે તેવું મોટું નુકશાન ઉઠાવવું પડે તો પણ એકવાર નર્મદની જેમ 'ડગલું ભર્યું કે ના હટવું' તે એમની પ્રકૃતિ છે.

ન્યાયમંત્રી તરીકે તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ જસ્ટિ આનંદ અને ઍટરની જનરલ સોલી સોરાબજી સાથે વાંકુ પડતાં એમને રાજીનામુ આપવું પડ્યું હતું. અદલ એવી જ ઘટનાનું ફરી એક વાર પુનરાવર્તન થયું છે. ગડકરી વિરૂધ્ધ કરેલા વિધાનોને કારણે અને એમના રાજીનામા માટે આદરેલી પધ્ધતિસરની ઝુંબેશને કારણે મોવડીમંડળ નારાજ હતું જ; ત્યાં યુપીએ સરકાર દ્વારા સીબીઆઈના વડાની નિયુક્તિને યોગ્ય ઠેરવવાના મુદ્દે એમણે પક્ષની પૉલિસી વિરૂધ્ધ ખુલ્લો બળવો કરતાં પક્ષ માટે એમને દરવાજો દેખાડવા સિવાય રસ્તો જ કયાં રહ્યો હતો? જેઠમલાણી જેવા સિનિયર 'ધારાશાસ્ત્રી' જયારે પક્ષના પ્રમુખ વિરૂધ્ધ ખુલ્લો મોરચો માંડી બેસે અને સત્તાધારી પક્ષના વલણને વાજબી ઠેરવે ત્યારે દેખીતી રીતે જ જનસાધારણમાં ભાજપ વિશે ખોટાં સંકેતો જઈ રહ્યાં હતા. અલબત્ત, જેઠમલાણીની વાતમાં વજૂદ હોવાનું તો ખુદ નરેન્દ્ર મોદી જેવા એમના છૂપા સમર્થકો પણ સ્વીકારતા જ હોય, પરંતુ વિપક્ષ તરીકે સત્તાધારી પક્ષને દરેક ખરા-ખોટા મુદ્દે ભિડાવવાના પ્રયાસોને જેઠમલાણી નડતા હોય ત્યારે એમને નાછૂટકે શૉ-કૉઝ નોટીસ અપાવી પડે, તે સમજી શકાય એમ છે.

સંસદ એ સત્યવાદીઓનો ચૉરો નથી. અહીં બહુમતીની બોલબાલા રહેતી હોય છે. વિપક્ષ હરહંમેશ સત્તાધારી પક્ષનાં છિદ્રો શોધતો ફરે છે. લોકપાલના દાયરા હેઠળ સીબીઆઈને પણ સમાવવાનો મુદ્દો ચર્ચામાં હતો, પરંતુ લોકપાલ વિધેયક પસાર થવાની જ શંકા હોય ત્યારે સીબીઆઈ જેવી મહત્ત્વની સંસ્થા સૂત્રધાર વિહોણી 'નધણિયાતી' રહે, તે પણ યોગ્ય ન જ ગણાય. જેઠમલાણીની વાત સાથે વરિષ્ઠ ભાજપી અગ્રણી યશવંત સિન્હા અને શત્રુધ્ન સિન્હાએ સૂર પુરાવીને પક્ષના કેન્દ્રિય મોવડીમંડળને રીતસર પડકાર્યું છે. આ બંને નેતાઓ અખંડ બિહારનું પ્રતિનિધિત્વ કરતા લોકપ્રિય આગેવાનો છે. જેઠમલાણીનાં બધાં જ ગતકડાંની સાથે એ સહમત નથી. દા.ત. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાના મુદ્દે આ બેઉ નેતા જેઠમલાણી સાથે સહમત નથી. યશવંત સિન્હા પોતે જ વડાપ્રધાનપદના ઉમેદવાર છે અને એ ઝુંબેશમાં એમને બિહારમાં વર્ચસ્વ ધરાવતાં જનતા દળ (યુ) જેવા સાથી પક્ષોનો ગર્ભિત ટેકો પણ છે. તો શત્રુધ્ન સિન્હા મૂળભૂત રીતે એક સિને કલાકાર છે, પરંતુ સાચી વાત ગાઈ - વગાડીને કહેવામાં એમને કોઈની શૅહશરમ અડતી નથી.

તેઓ વડાપ્રધાન પદ માટે હજી પણ લાલકૃષ્ણ અડવાણીની જ તરફેણ કરે છે. આ બેઉ બિહારી ગડકરીને હટાવવાના અને સીબીઆઈના વડાની નિમણૂકના મુદ્દે જેઠમલાણીએ લીધેલા વલણની તરફદારીમાં ખુલ્લા બહાર આવીગયા પછી પક્ષનું મોવડીમંડળ ભારે શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયું છે. જેઠમલાણીએ તો પાર્ટીના હાઈકમાંડની સામે ખુલ્લો પડકાર ફેંકી હુંકાર કર્યો કે તાકાત હોય તો પાર્ટી મને કાઢી જુએ!

પરિણામ આપણી સામે છે. જેઠમલાણીને અપાયેલી નોટીસ પછી જેઠમલાણીએ જાતે જ પક્ષને સામે ચાલીને 'રામ રામ' કહી દીધા છે. પરંતુ જેઠમલાણીના નીકળી જવાથી ભાજપની અંદર જે ઊકળતો ચરૂ છે તે કંઈ ઠંડો પડવાનો નથી. કયારેક અટલ બિહારી વાજપેયી જેવા કરિશ્માવાન નેતાની આમન્યા હતી, તે આજના કોઈ નેતા પાસે નથી રહી. પક્ષના વડા ગડકરી એમની કારકિર્દી દરમિયાન કોઈ ઝાઝું કાઠું નથી કાઢી શક્યા, ઉલટાનાં એ પક્ષ સામે ગળાંની ફાંસ બની ગયા છે. એમનાં કૌભાંડોને છાવરવાની કોશિશ નિષ્ફળ નીવડતી રહી છે, ઉલ્ટાનું એ વધુ ને વધુ ખુલ્લા પડતા જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણા સૌના ઘરનાં ઘરમંદિરમાં પણ સવાર - સાંજ દીપક જ્યોત પ્રગટાવવાનો પ્રચલિત રિવાજ છે

દિવાળી, દિપાવલી, દિવાલી, દીપાવલિ, દીપાવલી, દીપોચ્છવ, દીપોત્સવ, દીપોત્સવી અને દીપમાલા - માંથી તમને મનગમતો કોઈ પણ શબ્દ બોલો, તેનો સીધેસીધો સંબંધ - દીપ, દીવો, દીપક, સાથે છે. પૂરાં ૧૦૦ વર્ષથી કોઈ એક જગાએ, સ્થળે ઘોર અંધારૂં - અંધકાર છે પણ ત્યાં એક કોડિયું મુકી એક દિવેટ પ્રગટાવો - માત્ર અને માત્ર ૧ (એક) સેકન્ડમાં જ ત્યાં અજવાળું, ઉજાસ, પ્રકાશ ફેલાઈ જશે. એક દીવાની તાકાત તો જુઓ!! અને આપણે બધા વર્ષોથી એક નહિ અનેક દીવાઓની હારમાળા પ્રગટાવીએ છીએ પણ બધા ઠેરનાં ઠેર. અજ્ઞાનનું અંધારૂં યથાવત્ છે.

આપણી દિવાળી મઠિયાં, ઘૂઘરા, લાડવા, ફટાકડા, ફૅશન, નવી ગાડી, નવાં વસ્ત્રો, કાશ્મીર, ઊટી, ચા-પાણી, ગિફ્ટ-બૉક્સ, દાગીના, દેખાદેખીમાં એવી તો અટવાઈ ગઈ છે કે દિવાળીમાં જ ઘણાનું દેવાળું નીકળી જાય છે. દિવાળી જે જે કારણો શરૂ થઈને ઘણાં કારણો બધાને ખબર હોવાં છતાં બધું ભુલી દિવાળી એવું ડાયવર્ઝન લઈ લે છે કે ઘણાંને ડિવોર્સ સુધીનો સુતળી બોમ્બ ધડાકો કરતો હોય એવો ભડકો થઈ જવાની નોબત આવી જાય છે. ટેટાનું સૂરસૂરિયું થઈ જાય છે, હવાઈ ઊંડવાને બદલે નીચે જ ફસકઈ પડે છે અને તારામંડળમાંથી ફૂલ ને બદલે તણખા ઝરવા લાગે છે ત્યારે દિવાળીની હોળી થઈ જાય છે!! ઘર ઘર કી કહાની!!

આપણે આવું કશું જ જોખમ નથી લેવું. ફક્ત ૨૫ ગ્રામ ચોખ્ખું ઘી લેવું છે અને દીવો પ્રગટાવવો છે કારણ કે -

''દીપોજ્યોતિઃ પરંબ્રહ્મ, દીપજ્યોતિ જનાર્દન;
દીપો હરતું પાપાનિ, સાંધ્યદીપો નમોસ્તુતે.''

અર્થાત્ દીપકની જ્યોત પરબ્રહ્મ છે, દુઃખ હરનાર છે, દીપજ્યોત ખુદ જનાર્દન છે એવા હે દીપ! મારાં પાપ દૂર કરો, હું સાંજના દીપને દિલથી વંદન કરૂં છું.

''શુભં કરોતું કલ્યાણમારોગ્યં ધનસંપદઃ''

હે! જ્યોતિ સ્વરૂપ દીપ! તું શુંભ છે, કલ્યાણકર્તા છે, આરોગ્ય અને ધનસંપત્તિ પ્રદાનકર્તા છે; કોઈ પણ શત્રુ ઉદ્ભવે જ નહિ એવી સાત્ત્વિક બુધ્ધિ બક્ષનાર છો, એવા હે દીપક - હું તમને નમસ્કાર કરૂં છું. આવો દીપક જાતે તૈયાર કરી, પ્રગટાવી ઘરનાં ઉબરાં ઉપર મુકવાની મજા જ કંઈક ઓર છે - આજે દિવાળી છે આજે જ થઈ જાય!

દીપકનું પગેરૂં છેક કાલિકાપુરાણ સુધી જાય છે. આ પુરાણમાં ખુદ શિવજી આપણને આજ્ઞા કરે છે કે :

''દિપેન લોકાન્ જ્યતિ, દીપોસ્તેજોમયઃ સ્મૃત;
ચર્તુવર્ગ પ્રિયો દીપસ્તસ્માદીપં પજેત્ પ્રિયે.''

દીપકથી જ બધા ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય છે, તેજસ્વી દીપક, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ - એવા ચારેચાર પુરૂષાર્થને સિધ્ધ કરી બતાવે એટલા શક્તિશાળી દીપકને રોજ સૌ પ્રગટાવે એવી હું સૌને આજ્ઞા કરૂં છું.

આપણે સૌ એ બાબતથી વિદિત છીએ જ કે કોઈ પણશુભ કાર્યક્રમાં દીપ પ્રગટ્યથી જ શરૂઆત કરવાની એક પ્રસ્થાપિત પરંપરા (પ્રોટોકોલ) આજે પણ આપણે ત્યાં અમલમાં છે. આપણા સૌના ઘરનાં ઘરમંદિરમાં પણ સવાર - સાંજ દીપક જ્યોત પ્રગટાવવાનો પ્રચલિત રિવાજ છે. નવરાત્રીનાં ગરબામાં તો દીપક પ્રમુખ સ્થાને છે. આ દીપક પ્રકાશનું પ્રતીક છે. એક દૃષ્ટિએ જોઈએ તો સૂર્ય પણ ભગવાને પ્રગટાવેલો એક વિશ્વ-દીપક જ છે. વિશ્વ પ્રાર્થના યાદ આવી જાય છે :

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા;
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.

દિવાળીનો તહેવાર આપણે ઉજવીએ એમાં કશું જ ખોટું નથી પણ આપણા ઘરે અજવાળું અને પડોશીના ઘરે અંધારૂં હોય તો ત્યાં જઈ દીવો મુકીએ એ સાચી દિવાળી છે. કોઈ વિધવા માતા કે કોઈ દીન ત્યકતાને ત્યાં જઈ મોં મીઠું કરાવનારને ભગવાન મોં માગ્યું આપી દે છે. એક અનાથ બાળક તમને ફટાકડા ફોડતાં નિહાળે ત્યારે લે બેટા! આ ફટાકડાની લૂમ - તું પણ ફોડ - એ ફોડ્યા પછી બાળકનાં મોં ઉપર જે ખશી તમે જોશો તેનું મૂલ્ય જગતભરની સંપત્તિ એકઠી કરોને તોય ના ચુકવી શકાય એટલી અમુલ્ય હોય છે. એક શૅર યાદ આવે છે :

ઘરસે મસ્જિદ બહુત દૂર હૈ;
ચલો, કિસી રોતે હુએ બચ્ચે કો હંસાયા જાય!!

એક દીવો એક જ કામ નથી કરતો... દીવે દીવે કાર્યક્ષેત્ર બદલાઈ જાય છે. એક દીપક સામે માણસ ધ્યાન ધરી ત્રાટક કરે છે; એક દીપ ઘરમાં પ્રકાશ ફેલાવે છે, કોઈ દીપ પ્રભુ ચરણમાં આરતી કરવા લાગે છે, કોઈ દીવાદાંડી બની ભૂલેલાને માર્ગ બતાવે છે, કોઈ દીવો નદીમાં તરતાં તરતાં સૌભાગ્યકાંક્ષીનો સાક્ષી બને છે તો વળી કાંઈ દીપક પ્રભુ સમક્ષ પૂજાનું પ્રતિક બની રહે છે.


નવલી નવરાત્રીમાં કોઈ દીપક ગરબાની ગાગરમાં કોઈ અખંડ સૌભાગ્યવતી ગુણિયલ ગૃહિણીના માથા ઉપર ભારતીય સંસ્કૃતિના સુંદર સંસ્કારોને ઉજાગર કરે છે, કોઈ દીવો ઘરના આંગણાના તુલસીક્યારામાં આખેઆખા ઘરની આધ્યાત્મિક આરાધના સાથે દીકરી કે પુત્રવધુના આનંદને પ્રગટ કરે છે ત્યારે આપણી અસ્મિતાને ચાર ચાંદ લાગી જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧લી ડિસેમ્બર**



- સવાઇ ગુજરાતીનું બિરૂદ પામેલા સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરનો જન્મ ૧-૧૨-૧૮૮૫.

ગાંધીજીના અંતેવાસી વિદ્યાપીઠના કુલનાયક, હિમાલયનો પ્રવાસ, ઓતરાતી દિવાલો, ગીતાધર્મ, રખડવાનો આનંદ જેવા વિશિષ્ટ ગ્રંથો લખ્યા. ૩૫૦૦ કિ.મી.નો પગપાળો પ્રવાસ. અંગ્રેજી શબ્દોનો પર્યાય આપવામાં નોંધપાત્ર યોગદાન.

- ૧૯૨૧ - જનગણમન રાષ્ટ્રગીત તરીકે પ્રથમવાર ગવાયું.
- ૧૯૬૩ - નાગાલેન્ડ સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું.
- ૧૯૭૫ - જાસૂસી કથાના જનક કાંગેશેગનું અવસાન.
- ૧૯૯૦ - વિજયાલક્ષ્મી પંડિતનું અવસાન.
- ૧લી ડિસેમ્બર - એઇડઝ વિશેની સમજ - સમજદારી માટે વિશ્વ એઇડઝ દિન તરીકે ઉજવણી.
- ગરીબ દેશોમાં અજ્ઞાનતા દૂર કરવા ૧૯૫૨થી વિશ્વ સમાજશિક્ષણ દિન ઉજવાય છે.
- ૧લી ડિસેમ્બર, ૧૯૬૫ સીમા સુરક્ષા દળ બી.એસ.એફ.ની સ્થાપના.